# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-04-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAJNATH SINH- GUJ. VISIT

રાજ્યની લોકસભાની ચૂંટણીઓ માટે રાજ્યમાં ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે. આજે પણ કોંગ્રેસ, ભાજપના રાષ્ટ્રીય નેતાઓ સહિત ગુજરાતના સ્થાનિક નેતાઓ ચૂંટણીસભાઓ અને રોડ-શો યોજીને મતદારોને રિઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તો ભાજપના વરિષ્ઠ નેતા અને કન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ પ્રચાર માટે ગુજરાતના પ્રવાસે છે.. તેમણે આજે સવારે અમદાવાદ ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતેથી પત્રકાર પરિષદને સંબોધી હતી. તેમણે કહ્યું હતું કે, સરકારની દસ વર્ષની ઉપલબ્ધીઓ અને સુશાસન પ્રજા સમક્ષ છે. તેમણે કહ્યં હતું કે, કોંગ્રેસ દ્વારા લોકશાહી ખતરામાં છે તેવા આરોપો લગાવાયા છે તે તદ્દન પાયા વિહોણા છે. તેમણે વળતો પ્રહાર કરતાં કહ્યું કે, કોંગ્રેસ જ કટોકટી લાદીને લોકશાહીની હત્યા કરી હતી તે દેશ જાણે છે.

**(બાઇટ- રાજનાથ સિંહ)**

દરમિયાન, આજે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી અને ભાજપના અગ્રણી નેતા રાજનાથ સિંહ બપોરે અમદાવાદમાં ઉત્તર ભારતીય સમાજના લોકો સાથે સામાજીક સંવાદ યોજશે. સાંજે સાડા ચાર વાગ્યે આણંદ લોકસભાના ભાજપના ઉમેદવારના સમર્થનમાં ખડોધી ગામે સાંજે સાત વાગ્યે ભાવનગર બેઠકના ભાજપના ઉમેદવારના સમર્થનમાં સિહોરમાં વિશાળ જનસભા સંબોધશે.

# CONG- MANU SANGHAVI

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સિંઘવીએ ભારતીય જનતા પાર્ટી પર લોકશાહીને નબળી પાડવાનો આરોપ લગાવ્યો છે. આજે અમદાવાદમાં એક પત્રકાર પરિષદમાં બોલતા સિંઘવીએ સુરત લોકસભા બેઠક પર ભાજપની

તાજેતરની જીતને લોકતાંત્રિક સિદ્ધાંતોનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. તેમણે ભાજપ પર નાણાં, મશીનરી અને મેનપાવરનો દુરુપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો અને નિર્દેશ કર્યો હતો કે આ ચૂંટણીમાં ભાજપના કુલ 417 ઉમેદવારોમાંથી એક ચતુર્થાંશ ઉમેદવારોએ તાજેતરમાં અન્ય પક્ષોમાંથી પક્ષપલટો કર્યો છે.

# BJP- AAP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતીમાં આજે સાંજે ચાર વાગ્યે ત્રિમંદિર અડાલજ પાસે સહકાર સંમેલન યોજાશે. શ્રી પાટીલ સાંજે સાત વાગ્યે સુરતમાં યુ.પી. કાર્યકર્તા સંમેલનમાં હાજર રહેશે અને સાડા આઠ વાગ્યે સુરતમાં મગદલામાં વિદેશ સંપર્ક વિભાગની કાર રેલીનું સમાપન કરશે.

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ સંજયસિંહ ભાવનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધશે. આ પ્રસંગે મહારાષ્ટ્રના પ્રદેશ સહપ્રભારી અને નેશનલ જોઇન્ટ સેક્રેટરી ગોપાલ ઇટાલિયા, ભાવનગર લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશ મકવાણા ઉપસ્થિત રહેશે.

# CONG. ELECTION PRACHAR

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે સાંજે દમણમાં કોંગ્રેસના ઉમેદવારના સમર્થનમાં જાહેરસભા કરશે. શ્રી ગાંધી આવતીકાલે સવારે 10 વાગ્યે પાટણ કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોરના સમર્થનમાં અને સાંજે સાડા સાત વગ્યે મહેસાણાના કુકરવાડામાં ભાજપના ઉમેદવાર દિનેશભાઇ પટેલના સમર્થનમાં જાહેરસભા સંબોધશે.

# IPL

IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે. મેચ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે. અન્ય એક મેચમાં, ચેન્નાઈ સુપર કિંગ્સ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે ટકરાશે. મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

# ATS-AMRELI

રાજ્યની ATS ટીમ દ્વારા અમરેલીમાં ડ્રગ્સની ફેકટરી પર દરોડા પાડીને બે ની ધરપકડ કરવામાં આવી છે. અમારા અમરેલી જીલ્લાના પ્રતિનિધી હરેશ ટાંક જણાવે છે કે, ATSની ટીમે તેમની પાસેથી લગભગ સાડા છ કિ.ગ્રા. પ્રોસેસ્ડ મેફેડ્રોન તથા 4 લીટર લીકવીડ મેફેડ્રોન નામક ડ્રગનો જથ્થો ઝડપી પાડયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટીમે ગુજરાત અને રાજસ્થાનના જુદા-જુદા ચાર સ્થળેથી 230 કરોડની કિમતનુ એમડી ડ્રગ્સ ઝડપી પાડયુ છે.ગાંધીનગરના પીપળજમા એક ફેકટરી ઝડપાયા બાદ, ATS અને **SOG** ની ટીમ અમરેલીમા ડ્રગ ફેકટરી ચલાવનાર બે શખ્સોને જથ્થાનો નિકાલ કરવા સમયે ઝડપી લીધા હતા.

# GUJ- WEATHER

ગુજરાતમાં ગરમીનો પ્રકોપ વધવા જઈ રહ્યો છે. જોકે આ દરમિયાન હવામાન વિભાગે આજે પંચમહાલ, દાહોદ, મહિસાગર, છોટા ઉદેપુર, નર્મદા, સુરત તેમજ તાપી જિલ્લામાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. આ સિવાય રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં તાપમાન સૂકું રહેશે.

એટલું જ નહીં આજથી શરૂ કરીને આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ

શકે છે. આ પૂર્વે ગઈકાલે રાજકોટમાં 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઉપરાંત અમરેલી, સુરેન્દ્રનગર, કેસોદ અને અમદાવાદમાં 40 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જોકે આગામી દિવસોમાં તીવ્ર ગરમીની સંભાવનાને જોતા હવામાન વિભાગે લોકોને બપોરના સમયે ઘરમાંથી બહાર નીકળવાનું ટાળવાની સલાહ આપી છે.